ફો.કે.નં. ૮ / ૨૦૨૫

**મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.જસદણ.**

| | | |
|---|---|---|
| ૧ | ગુનો બન્યાની તારીખ | ૨૯/૦૮/૨૦૨૪ |
| ૨ | ગુનો જાહેર થયાની તારીખ | ૩૦/૦૮/૨૦૨૪ |
| ૩ | ફરીયાદી | શ્રી સરકાર |
| ૪ | આરોપીનું નામ, સરનામું | (૧) આરીફભાઈ ઉર્ફે મિલન ઈસ્માઈલભાઈ ડાયાતર, રહે.જસદણ,ગોકુલ ચોક,મેઈન રોડ |
| ૫ | ગુનાની વિગત | જુગારધારા–૧૨(એ) |

૬. આ કામે આરોપી હાજર થતા આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો કબુલ કરી ગરીબ તથા કુટુંબ ધરાવતા માણસ હોવાનું જણાવે છે અને તે મુજબની કબુલાત પુરસીસ રજુ રાખેલ છે. આરોપી સદરહુ ગુનો કબુલ કરતા હોઈ, આરોપીની કબુલાત સ્વૈચ્છિક જણાઈ આવે છે. આમ, આરોપી સામે સદરહુ ગુનો પુરવાર થયેલાનું માની તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નટવરજી કરમચંદજી ઠાકોર વિ.સ્ટેટ ઓફ ગુજરાતના કેસમા જાહેર કરવામાં આવેલ ચુકાદો કે જે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાનમાં લઈ ન્યાયના હીતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

**::– હુ ક મ –::**

આ કામના આરોપીને ભારતીય ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૫૨ અન્વયે જુગારધારા–૧૨(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને આરોપીને રૂા. ૧૦૦ ( અંકે રૂપીયા એક સો પુરા) નો દંડ અને જો દંડ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરું છું.

હુકમ આજ રોજ તા. ૧૪ –મી, માહે– માર્ચ , સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જસદણ.
તા. ૧૪/૦૩/૨૦૨૬

**(કૃષ્ણકાન્ત નરેન્દ્રકુમાર દવે)**
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
જસદણ કોડ નં.જી.જે.૦૧૧૧૬